**એચ.કે.પટેલ**
**નાયબ અધ્યક્ષ**

ક્રમાંક : મઉમશબ/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
જુના સચિવાલય પાસે, ગાંધીનગર

તા. ૧૮ –૦૯ –૨૦૧૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય

વિષયઃ– ધોરણ–૧૦ના આવેદનપત્રો 'On Line' ભરવા સંબંધે શાળાઓને તાલીમ / માર્ગદર્શન BISAGના સહયોગથી આપવા અંગે.

મહોદય/મહોદયાશ્રી,

ઉપરોકત વિષયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ, ૨૦૧૩માં લેવાનારી ધોરણ–૧૦ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને ધોરણ–૧૨ની ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા માટે વિદ્યાર્થીઓનાં આવેદનપત્રો 'On Line' ભરાવવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચાલુ વર્ષ આ પ્રોજેકટનું પ્રથમ વર્ષ હોઈ શાળાઓને આવેદનપત્રો પણ મોકલવામાં આવ્યા છે તેમજ શાળાઓએ 'On Line' આવેદનપત્રો પણ ભરવાનાં ફરજીયાત છે. શાળા અને શાળાના કર્મચારીઓને તેમની શાળામાંથી જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થવા માગતા હોય તેમનાં આવેદનપત્ર 'On Line' ભરીને મોકલવામાં કોઈ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે તાલીમ / માર્ગદર્શન આપવા માટે તા.૨૮–૯–૨૦૧૨ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે BISAGના માધ્યમથી કાર્યક્રમ યોજવામાં આવ્યો છે (BISAG II frequency 11526), જે દરેક શાળા DTHના માધ્યમથી ઝીલી શકશે અને નિહાળી શકશે. આ સંબંધમાં બોર્ડની વડોદરા કચેરીના પરીક્ષા સચિવશ્રીએ તેમના પત્ર ક્રમાંકઃમઉમશબ/પરીક્ષા/ માર્ચ, ૨૦૧૩ /ઓન લાઈન તા. ૧૭–૯–૨૦૧૨થી આપને જાણ કરી છે, જે ધ્યાને લેશો.

આપ જાણો છો તેમ બોર્ડ દ્વારા e-governance કાર્યક્રમના ભાગરૂપે વિવિધ પગલાં લેવામાં આવી રહયાં છે અને તેના ભાગરૂપે હવે પરીક્ષાના આવેદનપત્રો 'On Line' ભરાવવાનું નકકી કરવામાં આવ્યું છે જે સર્વે માટે સમય, નાણા અને શકિત બચાવનાર નિવડશે તેમાં કોઈ શંકા નથી. આથી, આ તાલીમ / માર્ગદર્શન કાર્યક્રમનો સર્વે શાળાઓ ફરજીયાત લાભ લે તે માટે દરેક શાળાને જરૂરી સૂચના આપની કક્ષાએથી આપવા કાર્યવાહી કરશો. વધુમાં, આપ પણ કોઈ પણ એક શાળામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમ નિહાળો તે ખૂબ જરૂરી છે કારણ કે, e-governance પ્રોજેકટ અંતર્ગત ડેવલપ કરેલ સ્કૂલ–માસ્ટર્સમાં બોર્ડ

પાસે નોંધાયેલ લગભગ ૧૩૬૭૧ શાળાઓની સામે અત્યાર સુધી ૯૫૪૨ શાળાઓનાં ડેટા–બેઈઝની ચકાસણી થઈ છે. જયારે, ૪૧૨૯ સ્કૂલોની ડેટા–બેઈઝની ચકાસણી કરવાની હજી પણ બાકી છે. જેના પરિણામે આવી શાળાઓ બોર્ડ પાસેથી User ID અને પાસવર્ડ મેળવી શકશે નહીં અને 'On Line' આવેદનપત્રો ભરવાની સવલતથી વંચિત રહેશે. આ બાબતની ગંભીરતાપૂર્વક નોંધ લઈ તાકીદે ઓકટોબરની શરૂઆત પહેલાં બાકી રહેલી ૪૧૨૯ શાળાઓ પૈક આપના જીલ્લાની શાળાઓનાં ડેટા–બેઈઝની ચકાસણી કરી તેની જાણ GIPL તેમજ બોર્ડને કરવા ખાસ નોંધ લેશો. સ્કૂલ માસ્ટર્સ બોર્ડની વેબ–સાઈટ પર on-linr ઉપલબ્ધ છે, જેનાંથી આપ સુમાહિતગાર છો.

hkpatel

( એચ. કે. પટેલ ) 18/9

નાયબ અધ્યક્ષ

<u>નકલ સવિનય રવાના:</u>

૧. ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, વડોદરા.
૨. પરીક્ષા સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર
૩. પરીક્ષા સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, વડોદરા.
૪. સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.